# કચ્છ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.
# સરહદ ડેરી,મું.અંજાર જિ.કચ્છ(ભુજ)

એસડી/કચ્છ/એસી/મે/Pricecir/૬/૧૫-૧૬ તા.૦૧-૦૧-૨૦૧૬

## પરિપત્ર

**આથી તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે કે , તા. ૦૨-૦૧-૨૦૧૬ સવારના ટંકથી ભેંસના દૂધનો ભાવ દર કિલો ફેટનો રૂા.૫૫૦.૦૦ તથા ગાયના દૂધનો ભાવ દર સમતુલ્ય કિલો ફેટના રૂા.૨૫૦. પૈસા જેમ અગાઉ હતા એમ જ કામચલાઉ, ફરીથી જણાવવામાં ન આવે ત્યાં સુધી (પુલીંગ ભાવ) રાખવામાં આવે છે જેમાં ભેંસના દૂધમાં મંડળીને મળતુ કમિશન કિલો ફેટ દીઠ રૂા. ૭/- તથા ગાયના દૂધમાં સમતુલ્ય કિલોફેટના રૂા.૨.૫૦/- રાખવામાં આવેલ છે. અને આથી તારીખ ૦૨-૦૧-૨૦૧૬ સવારથી દૂધના ભાવ નીચે મુજબ રહેશે.**

| દૂધનો પ્રકાર | ફેટ ટકા | એસએનએફ | સારૂ દૂધ |
|---|---|---|---|
| ભેંસનું દૂધ | ૬.૦ અને ઉપર | ૯.૦ અને ઉપર | **૫૫૦.૦૦** |
| | ૫.૫ થી ૫.૯ | ૯.૦ અને ઉપર | **૫૩૦.૦૦** |
| | ૫.૧ થી ૫.૪ | ૮.૫ થી ૮.૯ | **૫૧૦.૦૦** |
| ગાયનું દૂધ | ૩.૫ થી ૫.૦ | ૮.૫ અને ઉપર | **૨૫૦.૦૦** |
| | ૩.૦ થી ૩.૪ | ૮.૦ થી ૮.૪ | **૨૩૮.૯૯** |

**Figure 1**

**ઉપરોક્ત ધોરણ કરતાં નીચે પ્રકારના હલકાં/ખાટાં દહી – દૂધના નાણાં સંઘમાં આવેલ સારા દૂધના ૭૫ % ના દરે ચુકવવામાં આવશે.**

૧. આપની મંડળી તરફથી બન્ને ટાઈમ સ્વચ્છ,ભેળસેળ વિનાનું ઉંચી ગુણવતા વાળું દૂધ ખરીદ કરી સંઘમાં મોકલવા નું રાખવું. ડેરી ડોક ઉપર હલકી કક્ષાનું ભેળસેળ વાળું દૂધ વપરાશ માટે હાનીકારક માલુમ પડશે તો તેવા દૂધનો કોઈપણ જાતની જાણ કર્યા વગર નાશ કરવામાં આવશે. આવા દૂધનું મંડળીને પેમેન્ટ કરવામાં આવશે નહિં અને આવું દૂધ મોકલનાર મંડળી સહકારી કાયદા મુજબ ગુન્હેગાર અને સજાને પાત્ર બને છે.

૨. દૂધની ગુણવતા અંગેનો સંઘની લેબોરેટરીનો નિર્ણય આખરી ગણાશે. ભેંસના સારા દૂધમાં એસ.એન.એફ.નું પ્રમાણ જાળવવા માટે લેકટોમીટરનો આંક(૬૦ ફે) અને ફેટનો સરવાળો ૩૬ અથવા ૩૬ કરતાં વધુ થવો જોઈએ. અને ગાયના સારા દૂધમાં લેકટોમીટરનો આંક(૬૦ ફે) અને ફેટનો સરવાળો ૩૪ અથવા ૩૪ કરતાં વધુ થવો જોઈએ. એસ.એન.એફ.નું પ્રમાણ જળવાઈ રહે તે માટે દૂધ લેતી વખતે લેકટોમીટરનો ઉપયોગ કરવો.

૩. ઘેટા – બકરાનું તથા વાસી દૂધ ન સ્વીકારવું.

૪. ઉપરોક્ત દૂધના ભાવો કામ ચલાઉ(પ્રોવીઝનલ)બાંધવામાં આવેલ છે. મંડળીઓ પરથી આવતા દૂધમાંથી સંઘને ઉપજેલા નાણા ધ્યાનમાં લીધા બાદ વર્ષના આખરે છેવટના ભાવની વધઘટ નકકી કરી જણાવવામાં આવશે. આભાર સહ,

**૫. ગાયનુ દૂધ જો ૫.૦ થી વધુ આવશે તો મંડળીનુ દુધનુ ભેંસ ના સી ગ્રેડ મુજબ ચુકવણુ થશે.**

આપનો વિશ્વાસું,

C. A. Haresh Kotak
Assistant Manager (A&F)
Kutch District Co-Op. Milk
Producers Union Ltd.

પ્રતિશ્રી,
પ્રમુખ/મંત્રીશ્રી,
શ્રી........................દૂ. ઉ. સહ.મંડળી લી. મુ. ......................, તા...........

**સ. નકલ રવાના :–** (૧) ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડાયરેકટરશ્રી તમામ..
(૨) જનરલ મેનેજર ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કે.ફેડરેશન લી.,આણંદ.

**નકલ રવાના :–**

૧. તમામ વિભાગીય વડા – પી.આર.સી./એ.સી./સ્ટોર્સ/ડેરી પ્લાન્ટ / વહિવટ
૨. તમામ ફીલ્ડ સ્ટાફ
૩. એકાઉન્ટ વિભાગ / બીલ કલાર્ક
૪. વહીવટ વિભાગ

**નોંધ : રોલર બોર્ડની અંદર ફરજીયાતપણે દૂધના ભાવ લખવા અને રોલર બોર્ડ ગ્રાહકો જોઇ શકે તેવી જગ્યાએ રાખવું**